કેન્દ્રીય સાતમા પગાર પંચની ભલામણો અન્વયે
રાજ્ય સરકાર તેમજ પંચાયતના કર્મચારીઓની
પગાર સુધારણા કરવા બાબત.

**ગુજરાત સરકાર**
**નાણા વિભાગ**
સરકારી ઠરાવ ક્રમાંક : પગર/૧૦૨૦૧૬/૧/પગાર એકમ
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૬/૦૮/૨૦૧૬

વંચાણે લીધા :- નાણા વિભાગના સરકારી ઠરાવો ક્રમાંક :

(૧) પગર-૧૦૦૯-૧-પગાર એકમ(મ) તા. ૧૨-૨-૨૦૦૯
(૨) GN-8-GNR-1009-2 Pay cell (M) dt. 27-02-2009
(3) PGR-1009-4-Pay Cell(M) dt. 13-04-2009
(૫) PGR-1009-5-Pay Cell(M) dt. 13-04-2009
(૬) ભારત સરકારનો ઠરાવ ક્ર: ૧-૨/૨૦૧૬-IC તા.૨૫-૭-૨૦૧૬
(૭) ભારત સરકારનું જાહેરનામું ક્ર: G.S.R. ૭૨૧(E). તા.૨૫-૭-૨૦૧૬

આમુખ :-

કેન્દ્રીય સાતમા પગાર પંચની ભલામણોને ધ્યાને લઈ રાજ્ય સરકારના કર્મચારીઓને પગાર સુધારણા મંજુર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કેન્દ્રીય સાતમા પગાર પંચની ભલામણો અને કેન્દ્ર સરકારના તા.૨૫/૦૭/૨૦૧૬ના ઠરાવ અને જાહેરનામાથી કરવામાં આવેલ હુકમોને ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા પુખ્ત વિચારણા બાદ નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**// ઠરાવ //**

(૧) કેન્દ્ર સરકારના ધોરણે રાજ્ય સરકારના તેમજ પંચાયતના કર્મચારીઓને પગાર સુધારણાનો લાભ "સ્કેલ ટુ સ્કેલ"ના ધોરણે તા.૧/૧/૨૦૧૬થી આપવાનો રહેશે .પગાર સુધારણાનો વાસ્તવિક અમલ તા-૧-૦૮-૨૦૧૬થી (પેઇડ ઇન સપ્ટેમ્બર-૨૦૧૬) કરવાનો રહેશે.

(૨) હાલ અમલમાં રહેલ પે બેન્ડ અને ગ્રેડ પે આધારીત પગાર માળખાને સ્થાને પે મેટ્રીક્ષ (Pay Matrix) મુજબ સુધારેલ પગાર માળખાનો અમલ કરવાનું કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ છે. તે મુજબ રાજ્ય સરકારના તેમજ પંચાયતના કર્મચારીઓને હાલના પગાર માળખાને અનુરૂપ રહીને આ ઠરાવ સાથેની અનુસૂચિ-૧ (Pay Matrix) મુજબ પગાર સુધારણા લાગુ પાડવામાં આવે છે.

(૩) કેન્દ્રિય સાતમા પગાર પંચ દ્વારા સૂચવ્યા મુજબ તા.૩૧/૧૨/૨૦૧૫ના રોજના કર્મચારીના વિદ્યમાન મૂળ પગાર (પે બેન્ડમાં પગાર + ગ્રેડ પે) ને ૨.૫૭ ના ગુણાંકથી ગુણતાં જે રકમ આવે તેને પે મેટ્રીક્ષમાં સબંધિત કર્મચારીને મળતા ગ્રેડ પેને અનુરૂપ લેવલના કોલમમાં દર્શાવેલ સેલમાં આવતી હોય તો તે રકમ અને જો ન હોય તો ત્યાર પછીના સેલમાં દર્શાવેલ રકમ કર્મચારીનો સુધારેલ પગાર બનશે.

(૪) કર્મચારીના ગ્રેડ પેને અનુરુપ લેવલમાં કર્મચારીનો ઉપર ફકરા-(૩) મુજબ સુધારેલ પગાર નક્કી થયા બાદ તે સેલ પછીના સેલમાં દર્શાવેલ રકમ કર્મચારીનો ત્યાર બાદના ઇજાફા પછીનો પગાર બનશે.

(૫) હાલમાં કર્મચારીઓને નિમણૂંક બઢતી કે ઉચ્ચત્તર પગાર ધોરણની તારીખને ધ્યાને રાખીને પગાર બાંધણીના કિસ્સામાં ઇજાફાની એક જ તારીખ ૧લી જુલાઇ છે તેને બદલે હવે ઇજાફા માટે વર્ષમાં બે તારીખો, ૧લી જાન્યુઆરી અને ૧લી જુલાઇ ગણવાની રહેશે. જો કે, કર્મચારીને તેની નિમણૂંક, બઢતી કે ઉચ્ચત્તર પગાર ધોરણની તારીખને ધ્યાને રાખીને વર્ષમાં એક જ ઇજાફો મળવાપાત્ર થશે.

(૬) મોંઘવારી ભથ્થાં સિવાયના અન્ય ભથ્થાઓ તેમજ પગાર સુધારણા અંગેની તફાવતની રકમ (એરીયર્સ)ની ચૂકવણી અંગે અલગથી સૂચનાઓ બહાર પાડવામાં આવશે.

(૭) રાજ્ય સરકારના કર્મચારીઓને અન્ય હુકમો ન થાય ત્યાં સુધી મોંઘવારી ભથ્થા સિવાયના અન્ય ભથ્થા છઠ્ઠા પગાર પંચના પગાર મુજબ અને તે જ દર મુજબ ચૂકવવાનું ચાલુ રહેશે.

(૮) પગાર બાંધણી અંગેની વિગતવાર સૂચનાઓ અલગથી બહાર પાડવામાં આવશે.

(૯) ભારત સરકાર દ્વારા તા-૧-૦૧-૨૦૧૬થી પેન્શન સુધારણા બાબતે કેબીનેટમાં નિર્ણય લેવામાં આવેલ છે. આ અંગે કેન્દ્ર સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ આદેશોને ધ્યાનમાં લઈ રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિને અનુરૂપ રહી રાજ્ય સરકાર દ્વારા તા-૧-૦૧-૨૦૧૬થી પેન્શન સુધારણાનો લાભ આપવામાં આવશે. પેન્શન સુધારણાનો વાસ્તવિક અમલ તા-૧-૧૦-૨૦૧૬થી (પેઇડ ઇન નવેમ્બર-૨૦૧૬) કરવામાં આવશે.

(૧૦) રાજ્યના પેન્શનર્સ કે જે તા-૧-૦૧-૨૦૧૬ પહેલા નિવૃત્ત થયેલ છે અને છઠ્ઠા પગાર પંચના પગાર મુજબ પેન્શન મેળવતાં હોય તે મૂળ પેન્શનની રકમને ફિટમેન્ટ ફેક્ટર ૨.૫૭ ના ગુણાંકને આધારે ગુણતાં જે રકમ આવે તેને તે પછીના રુપિયાના ગુણાંકમાં થતી રકમ સુધારેલ પેન્શનની રકમ થશે.

(૧૧) પેન્શન સુધારણાના વિગતવાર હુક્મો હવે પછી બહાર પાડવામાં આવશે.

(૧૨) રાજ્યની સહાયક અનુદાન મેળવતી સંસ્થાના કર્મચારીઓને પણ સાતમા પગાર પંચની ભલામણ મુજબ પગાર સુધારણાનો લાભ મળવાપાત્ર થશે. જે સંસ્થાઓને નાણા વિભાગની

મંજુરીથી છઠ્ઠા પગાર પંચનો લાભ આપેલ છે અને પે વેરીફીકેશન થયેલ હોય ફક્ત તે જ સંસ્થાઓના કર્મચારીઓ માટે સબંધિત વહીવટી વિભાગ દ્વારા નાણા વિભાગને અલગથી મંજુરી માટે દરખાસ્ત રજુ કરવાની રહેશે.

(૧૩) સાતમા પગાર પંચ ની પગાર સુધારણા સંદર્ભે આ સાથે સામેલ કરેલ અનુસૂચિ-૨ મુજબની સૂચનાઓનું સર્વે વિભાગ/કચેરી દ્વારા ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શૈલેષ. વિ. પરમાર)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

- + માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી,
- માન.વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
- +સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- +સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- +સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાધીનગર.
- +રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ.ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો/સર્વે ખાતાના વડાઓ/કચેરીઓના વડાઓ
- એકાઉન્ટન્ટ જનરલ-૧ (ઓડીટ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- એકાઉન્ટન્ટ જનરલ-૨ (એ. એન્ડ ઈ. ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ/ સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ
- સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ/ સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર
- પેન્શન ચુકવણા અધિકારી, અમદાવાદ
- સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ / પેટા તિજોરી અધિકારીશ્રીઓ
- પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, નર્મદા યોજના, ગાંધીનગર/વડોદરા
- બોર્ડ/નિગમ/રાજ્ય સરકારના જાહેર સાહસો.
- નાણા વિભાગના સર્વે અધિકારીઓ/ સર્વે શાખાઓ
- પસંદગી ફાઈલ, પગાર એકમ, મ. ચ. પી. અ અને ઝ- શાખાઓ, નાણા વિભાગ
- + પત્ર દ્વારા
- આઈટી કોર્ડીનેટર-નાણા વિભાગ- આ ઠરાવ નાણા વિભાગની વેબસાઈટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાથે.

## અનુસૂચિ-૨

## સાતમા પગાર પંચની પગાર સુધારણા સંદર્ભે વહીવટી વિભાગ/કચેરીએ અનુસરવાની સૂચનાઓ

૧ સર્વે ઉપાડ અને વહેંચણી અધિકારીશ્રીઓ (DDO)/વહીવટી અધિકારીશ્રીઓએ તેમના વિભાગ/ ખાતાના વડાની કચેરી/ કચેરીના વડાની કચેરીના કર્મચારીઓના online કેસ update કરવાના રહેશે. છઠ્ઠા પગાર પંચ મુજબ પગાર બાંધણી અને તેનું વેરીફીકેશન કર્યા બાદ જો કોઇ ઇવેન્ટ (બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ) કે ઇજાફા મંજુર કરેલ હોય તેની વિગતો સીસ્ટમમાં update કરવાની રહેશે, ત્યાર બાદ જ ૭મા પગાર પંચ પ્રમાણે પગાર બાંધણી કરવાની રહેશે.

૨ તા.૧/૧/૨૦૦૬ અગાઉ નિમણૂક પામેલ જે કર્મચારીઓની છઠ્ઠા પગાર પંચ પ્રમાણેની પગાર બાંધણીની ચકાસણી થયેલ નથી તેવા કેસોની ૭મા પગાર પંચ પ્રમાણેની પગાર બાંધણી કરી શકશે નહીં. પગાર બાંધણીની ચકાસણી કરાવી લેવી તે જે તે DDO/વહીવટી અધિકારીશ્રીની જવાબદારી રહેશે અને પગાર બાંધણીની ચકાસણી બાદ જ ૭મા પગાર પંચ મુજબની પગાર બાંધણી કરવાની રહેશે.

3 તા.૧/૧/૨૦૦૬ પછી નિમણૂક પામેલ કર્મચારી જેની online પગાર બાંધણી થયેલ છે, પરંતુ પગાર બાંધણીની ચકાસણી થયેલ નથી તેવા કેસોની ૭મા પગાર પંચ પ્રમાણેની પગાર બાંધણી કરવાની રહેશે, પરંતુ સંબંધિત DDO/વહીવટી અધિકારીશ્રી દ્વારા તેમના કેસની વિગતો update કરી મેન્યુઅલ પગાર બાંધણી સાથે સરખામણી/ચકાસણી કરી બરાબર જણાયે online પે ફીકસેશન ઓર્ડર અને એનેક્ષર કાઢવાનું રહેશે.

૪ જે online કેસોમાં સરકારી સેવામાં જોડાયા તારીખ (Date of Joining) અને જન્મ તારીખ દર્શાવવામાં આવેલ ન હોય તો તે વિગતો પણ અચૂક દર્શાવવી.તે સિવાય online પગાર બાંધણી થઇ શકશે નહીં.

૫. IFMS હેઠળના online પગાર બાંધણી મોડયુલમાં થયેલ પગાર બંધણીની ચકાસણી મેન્યુઅલ પગાર બાંધણી સાથે કરવાની રહેશે અને તે બરાબર જણાયે જ પગાર બીલમાં સમાવેશ કરવાનો રહેશે. જો કોઇ ક્ષતિ જણાય તો નિયામકશ્રી હિસાબ અને તિજોરીની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.